**મેહ. લેબર કોર્ટ અમદાવાદના એડી. ચીફ જયુડિશિયલ મેજીસ્ટ્રેટ તથા**
**મુખ્ય ન્યાયાધીશ (એસ.ડી.) સાહેબ સમક્ષ, જી.અમદાવાદ.**

**ફોજદારી કેસ નં.૬૪૯/૨૦૨૪.**

**આંક–૧૧.**

**ફરિયાદી :– સરકારી શ્રમ અધિકારી/નિરીક્ષકશ્રી.**

**: વિરૂધ્ધ :**

**આરોપી :– ૧. રાજપૂત સિકયુરીટી સર્વિસ,**
થ્રુ અજયસિંહ બી. ભદોરીયા–માલિક,
ઠે : ૨૫૦, મારૂતિ પ્લાઝા, પ્રકાશ સ્કૂલ પાછળ, વિજય પાર્ક,
બી.આર.ટી.એસ. પાસે, બાપા સીતારામ ચોક રોડ,
સૈજપુર બોઘા, અમદાવાદ–૩૮૦ ૦૧૬.
(**કામનું સ્થળ** : શેઠ સી.એચ.નગરી આંખની હોસ્પિટલ,
એલિસબ્રીજ, અમદાવાદ)

**ગુન્હો :– કોન્ટ્રાકટ મજૂર (નિયમન અને નાબૂદી) અધિનિયમ–૧૯૭૦ ની કલમ–૨૪ મુજબ.**

**આરોપી તરફે :– વિ. વ. શ્રી એમ. આર. શાહ.**

**<u>–: ચૂ કા દો :–</u>**

**૧.** આ કામના ફરીયાદીની ફરીયાદની ટૂંકી હકીકત નીચે મુજબ છે.

**૨.** આ કામના ફરીયાદીએ આરોપી સામે કોન્ટ્રાકટ મજૂર નિયમન અને નાબૂદી અધિનિયમ ૧૯૭૦ અન્વયેના જુદા જુદા નિયમોના ભંગ સંદર્ભેની ફરીયાદ અત્રેની કોર્ટ સમક્ષ કરેલ છે. વધુમાં આરોપીએ સદરહુ કાયદાની કલમ–૨૪ મુજબની શિક્ષાને પાત્ર ગુનો કરેલ હોવાનું કથન કરેલ છે. ફરીયાદીની સદરહુ ફરીયાદ અન્વયે ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ–૧૯૦ (૧) (એ) મુજબ રજૂ થયેલ હોય જેથી સદરહુ કાયદાની કલમ–૨૦૦ (એ) વંચાણે લેતાં કલમ–૨૦૪ માં જણાવ્યા મુજબ ગુનાનું સંજ્ઞાન લઈને આરોપીને સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ થયેલ.

**૩.** ત્યારબાદ આ કામમાં આરોપી વતી અધિકૃત પ્રતિનિધી હાજર થયેલ છે અને તેઓએ ગુનો કબૂલ કરતાં હોવાની પુરસીસ રજૂ કરેલ છે. ત્યારબાદ ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ–૨૫૧ મુજબ તેઓને ગુનાની વિગતો જણાવવામાં આવેલ તેમજ ફરીયાદની નકલ આપવામાં આવેલ તેઓને ગુનો કબૂલ છે કે કેમ ? તેવું પુછવામાં આવતાં તેઓએ આરોપી વતી ગુનો કબૂલ હોવાનું જણાવેલ છે. ઉપરોકત વિગતે ગુનાની કબૂલાત પુરસીસ ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ–૨૫૨ અન્વયે રજૂ કરેલ છે. આરોપી વતી ગુનાની કબૂલાત પુરસીસ રજૂ કરતાં તેઓને સમજાવવામાં આવેલ છે કે તેઓ ગુનો કબૂલ કરવા બંધાયેલ નથી

અને ગુનો કબૂલ કરશે તો આવી કબૂલાત આરોપી વિરૂધ્ધ પુરાવામાં ઉપયોગમાં લેવાશે. તેમ છતાં તેઓએ પોતાનો ગુનો સ્વેચ્છાએ કબૂલ હોવાનું જણાવેલ છે. જેથી તેઓની પ્લી નોંધવામાં આવેલ છે. સદરહુ પ્રથમ ગુનો હોય તેમ જણાવી તેમજ ભવિષ્યમાં આવો ગુનો કરશે નહિ તેની ખાત્રી આપી તેઓને એક તક આપવા અરજ કરેલ છે. તથા કાયદા મુજબ ઓછામાં ઓછી સજાથી પણ ઓછી સજા કરવા અરજ કરેલ છે.

૪. આ કામમાં આરોપી સામેના ગુનાની હકીકત તથા સજાની જોગવાઈ જોવામાં આવે તો આરોપીએ કોન્ટ્રાકટ મજૂર નિયમન અને નાબૂદી અધિનિયમ–૧૯૭૦ અન્વયેના નિયમોનો ભંગ કરી સદર કાયદાની કલમ–૨૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે. તે ગુના સંદર્ભે કાયદામાં જે સજાની ન્યુનત્તમ જોગવાઈ છે તે ધ્યાને લેતા તેમજ આરોપી સામેનો હાલનો પ્રથમ ગુનો હોય અને આરોપી સ્વેચ્છાએ ગુનો કબૂલ કરતા હોય તેથી તેઓને દોષિત ઠરાવવામાં આવે છે. પરંતુ આરોપી જે જોગવાઈનો ભંગ કરેલ છે તે ધ્યાને લેતાં તથા આરોપીની ઉંમર, કેસની હકીકત, સજાની જોગવાઈ તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા **સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદજી ઠાકોર રીપોર્ટેડ ઈન ૨૦૦૫ (૧) જી.એલ.આર. પાનું–૭૦૯** ના ચૂકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં લેતા હાલના આરોપી વિરૂધ્ધ ગુનો સાબિત થયેલ છે તેમજ તેની રજૂઆતને ધ્યાનમાં લઈ નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**–: હુકમ ::–**

૧. આ કામના આરોપીઓને ક્રિ. પ્રો. કોડ ક.૨૫૨ અન્વયે **કોન્ટ્રેકટ મજૂર (નિયમન અને નાબૂદી) અધિનિયમ–૧૯૭૦ અન્વયેના નિયમ–૨૧(૧), ૭૫ અને ૭૬ ના ભંગ બદલ સદરહુ કાયદાની કલમ–૨૪ હેઠળ** તકસીરવાન ઠરાવીને આરોપીને **કુલ રૂા.૧,૫૦૦/– (અંકે રૂપિયા એક હજાર પાંચસો પુરા) દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે.** જો આરોપી દંડ ન ભરે તો **આરોપીને એક માસની સાદી કેદની સજા** ભોગવવા આથી હુકમ કરવામાં આવે છે. આરોપીએ ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરાવવી.

(૨) આરોપીએ ઉપર મુજબના નિયમોની ક્ષતિની પૂર્તતા કરી **દિન–૩૦** માં સબંધિત કચેરીને જાણ કરવી.

આ હુકમ આજરોજ અત્રેની કોર્ટના સ્પેશ્યલ સીટીંગ દરમ્યાન વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવે છે.

તા.૨૨/૦૬/૨૦૨૪.
સ્થળ : અમદાવાદ.

**( હેમાંસુ એ. ભુતવાલા )**
એડિશ્નલ ચીફ જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટ,
મુખ્ય ન્યાયાધીશ (સિનિયર ડિવીઝન)
મજૂર અદાલત નં.૧, અમદાવાદ.
CODE-GJ00883

HMPRAJAPATI,PA.